# ગીર સોમનાથ જીલ્લામાં "સૂર્ય ગુજરાત" સોલાર રૂફટોપ યોજના

## (૧) ઘરવપરાશના વીજ ગ્રાહકો માટેની 'સૂર્ય - ગુજરાત'યોજના હેઠળ વીજ ગ્રાહકને વીજ બીલમાં બચત કઈ રીતે થાય છે? અને આવક કઈ રીતે થાય છે?

**- માનનીય ધારાસભ્યશ્રી – કાળુભાઇ રાઠોડ**

**જવાબ**

- **વીજ બીલમાં બચત**
  - ✓ આ યોજના અંતર્ગત સોલર સિસ્ટમ દ્વારા ઉત્પન્ન થતા યુનિટને બીલીંગ સાઈકલના અંતે સ્વ-વપરાશ થયેલ યુનિટની સામે સરભર કરવામાં આવે છે એટલે કે તે યુનિટનું વીજ ગ્રાહકે બીલ ભરપાઈ કરવાનું રહેતું નથી.
  - ✓ પરંતુ જો ગ્રાહક દ્વારા બીલીંગ સાઈકલ અંતે સ્વ-વપરાશના યુનિટ સોલાર સિસ્ટમ દ્વારા જનરેટ થયેલ યુનિટ કરતા વધુ હશે સૌ પ્રથમ જનરેટ થયેલ યુનિટને વપરાશ થયેલ યુનિટ સામે સરભર કરવામાં આવશે અને તે પછી તફાવતના યુનિટનું જ બીલ ગ્રાહકે ભરપાઈ કરવાનું રહે છે.
  - ✓ આમ ગ્રાહકે બીલ ભરપાઈ કરવાનું રહેતું નથી અથવા તો વીજ બીલમાં ભારે ઘટાડો થાય છે.
- **સૌર ઊર્જાના વેચાણથી આવક**
  - ✓ ગ્રાહક દ્વારા બીલીંગ સાઈકલ અંતે સ્વ-વપરાશ બાદના ગ્રીડમાં મોકલવામાં આવેલયુનિટને વીજ વિતરણ કંપની દ્વારા રૂા. ૨.૨૫ પ્રતિ યુનિટના દરે ખરીદવામાં આવે છે અને ગ્રાહકને **સૌર ઊર્જાના વેચાણથી આવક થાય છે.**
- આમ આ યોજના હેઠળ ગ્રાહકને વીજ બીલમાં બચતની સાથે સાથે **સૌર ઊર્જાના વેચાણથી આવક પણ થાય છે.**
  - ✓ અત્યાર સુધીમાં રાજયમાં રહેણાક હેતુનું વીજ જોડાણ ધરાવતા ૫ લાખથી વધુ વીજ ગ્રાહકોએ સોલર રૂફટોપ સિસ્ટમ લગાવેલ છે જેની ક્ષમતા ૨૦૨૫ મેગાવોટ છે અને આ વીજગ્રાહકોને વીજ બિલમાં રૂ. ૨૦૦૦ કરોડ જેટલી બચત થયેલ છે તથા સ્વવપરાશ ઉપરાંતની વીજળીને વેચીને રૂ.૨૨૮ કરોડ જેટલી કમાણી કરેલ છે.

(૨) તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં શું બચત થઈ ?

- માનનીય ધારાસભ્યશ્રી – ડો. પ્રદ્યુમનભાઈ વાજા – કોડીનાર

**જવાબ:**

૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલરરૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનારવીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં રૂ. ૧૬.૮૨ કરોડની બચત થઈ.

**(3) તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી શું આવક થઈ?**

**- માનનીય ધારાસભ્યશ્રી – ભગવાનભાઇ બારડ**

**જવાબ:**

તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર રહેણાંક હેતુનું વીજ જોડાણ ધરાવતાવીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી ૧.૪૧ કરોડની આવક થઈ.